# આકરી અગનજ્વાળાથી જનજીવન પ્રભાવિત

**પારો ૪૪.૪ ડીગ્રી : છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો પારો ૪૨ થી ૪૫ ડીગ્રી વચ્ચે છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી આસપાસ સ્થિર : આક્રમક હીટવેવની અસર યથાવત**



ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં કાળઝાળ ગરમીનુ મોજુ યથાવત છે. છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો પારો નીચે ઉતરવાનુ નામ લેતો નથી. જેના લીધે મહત્તમ તાપમાન ૪૨ થી ૪૫ ડીગ્રી વચ્ચે રહેતા હવે શહેજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. ગરમીનો મિજાજ આજે પણ આકરો રહ્યો હતો. મહત્તમ તાપમાન ૪૪.૪ ડીગ્રી નોંધાયુ હતુ. આકાશમાંથી અંગારાના બદલે હવે અમીછાંટણા વરસે તેવી પ્રબળ આશ સાથે હવે નગરજનો મેઘરાજાની વાટે છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો પારો ૪૨ થી ૪૫ ડીગ્રી વચ્ચે છે. ગઈકાલે મોસમની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગરમીનો પારો ૪૫ ડીગ્રી એ પહોંચી ગયો હતો. છેલ્લા ઘણાં દિવસોથી ગરમીનુ જોર યથાવત રહેતા સતત હીટવેવના લીધે શહેરીજનો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. દિવસે આકાશમાંથી આગ વરસતા ચામડીને દાહ આપતી ગરમીના લીધે સૌ કોઈ ઘરમાં પુરાઈ રહેવાનુ પસંદ કરે છે. જયારે મોડી સાંજે પણ ગરમીની અસર રહેતા નગરજનો ભઠ્ઠીમાં શેકાઈ રહ્યા હોય તેવો અહેસાસ કરી રહ્યા છે. ઉનાળાની વિદાય ટાંણે ગરમીએ ગાંધીનગર પર મનભરીને હેત વરસાવ્યુ છે. જેના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત છે. આકરી ગરમીથી બચવા માટે નગરજનો ઠંડા રહેવા

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદી દિવસોમાં શહેરમાં ૨૩ હજાર રોપાઓની વાવણી કરાશે

**વન આરક્ષિત જગ્યામાં ખાડા ખોદી દેવાયા બાદ વનતંત્ર વરસાદની વાટે : નવા રોપાઓની જાળવણી માટે લોખંડની ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં આગામી વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. આ અન્વયે વનતંત્ર દ્વારા પુર્વ તૈયારીઓ કરી દેવામાં આવી છે. શહેરી વિસ્તારમાં અંદાજિત ૨૩ હજાર જેટલા વિવિધ રોપાઓની વાવણી કરાશે. જેમાં ગુલમહોર ગરમાળો તેમજ પેલ્ટ્રોફોમ સહીત વિવિધ પાંચ પ્રકારના રોપાઓની વાવણી કરાશે.

શહેરમાં વનતંત્ર દ્વારા મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગ કરી દેવાયુ છે. વન આરક્ષિત જગ્યામાં હરિયાળીનુ જતન થાય તેમજ જાળવણી પણ યોગ્ય રીતે થઈ શકે તે માટે તંત્ર દ્વારા લોખંડની ફેન્સીંગ કરવામાં આવી છે. આગામી દિવસોમાં અન્ય માર્ગોની આસપાસ પણ ફેન્સીંગ કરી દેવાશે. જયારે આગામી વરસાદી દિવસોને અનુલક્ષીને વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવેશે. શહેરમાં ચોમાસા દરમિયાન પ્રતિવર્ષ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ નવા વાવેતરને અનુલક્ષીને ખાડાઓ ખોદવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હવે નવા રોપાઓની વાવણી માટે વનતંત્ર વરસાદની વાટે છે. શહેરમાં અંદાજિત ૨૩ હજાર જેટલા ખાડાઓ ખોદવામાં આવ્યા છે. આ ઠેકાણે વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરાશે. જયારે વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા રોપાઓની વાવણીનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જે અન્વયે ગરમાળા , ગુલમહોર પેલ્ટોફોર્મ જેના ચાર થી પાંચ પ્રકારના રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરાયુ છે. આગામી દિવસોમાં વન મહોત્સવની ઉજવણીને અનુલક્ષી વનીકરણ માટે તૈયારી કરી દેવામાં આવી છે. જિલ્લા કક્ષાના વન મહોત્સવમાં પણ રોપાઓની વાવણી કરી હરિયાળી વધારવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે વરસાદ શરૂ થાય ત્યારે શહેરના મુખ્યમાર્ગો આસપાસની ખુલ્લી જગ્યામાં રોપાઓની વાવણી શરૂ કરી દેવાશે.

# ઘ-૪ અને ગ-૪ પાસે ૭૦ કરોડના ખર્ચે બે અન્ડરપાસ બનશે

**સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત રોડ એન્જીનીયરીંગમાં બદલાવના બે મહત્વના પ્રોજેક્ટને લીલી ઝંડી અપાઈ**

ગાંધીનગર, તા.૩

વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીનો સ્વર્ણિમ પાર્ક હવે સળંગ બનશે અને આખા દેશમાં સૌથી મોટો ગ્રીનરી પાર્ક બનશે. આજે સ્માર્ટસીટી પ્રોજેકટના બોર્ડની મળેલ બેઠકમાં ઘ-૪ અને ગ-૪ પર અન્ડરપાસ બનાવવાના પ્રોજેકટને બહાલી આપવામાં આવી છે.

અંદાજે રૂ. ૭૦ કરોડના ખર્ચે આ બે અન્ડરપાસ બનાવવામાં આવશે. આ બે અન્ડરપાસ બનતાં વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીના સ્વર્ણિમ પાર્કને સળંગ બનાવવામાં આવશે.

આજે મળેલ સ્માર્ટ સીટી પ્રોજેકટની બોર્ડ બેઠકમાં આ અંગેનો વર્ક ઓર્ડર આપી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષના આરંભે મનપા દ્વારા આ અંગેના ટેન્ડરો જારી કરવામાં આવ્યા હતા. ટેન્ડરીંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આ અંગેનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

અન્ડરપાસના નિર્ણય સાથે પાટનગરના રોડ એન્જીનીયરીગમાં બદલાવના સંકેત જે તે વખતે તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેમના વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા સંકેત આવ્યા હતા.

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેકટમાં સમાવેશ થતાં આ પ્રોજેકેટ માટે આશા બંધાઈ હતી. જો કે અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા તે ફાઈલો અભેરાઈએ ચડાવી દેવાઈ હતી.

હવે પથિકાશ્રમ પછી ૧૦૦ મીટર બાદ આ અન્ડરપાસ શરૂ થશે જે ઘ-૪ll સુધીનો હશે. આજ પ્રમાણે ગ રોડ પર પણ અન્ડરપાસ બનશે. આ પછી સ્વર્ણિમ પાર્કને સળંગ બનાવાશે. વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું પણ આ સ્વપ્ન હતું જે હવે સાકાર થશે.

મળતી વિગતો પ્રમાણે ઘ-૪ જંકશન નજીક અન્ડર પાસ બનાવવા પાછળ રૂ. ૮૩.૨૩ કરોડના અંદાજ સાથે ૧૬.૨૦ ટકા જેટલું નીચું ભરાઈને આવતા રૂ. ૬૯.૭૫ કરોડનું મંજુર થયું છે. આ માટેનો વર્ક ઓર્ડર હવે પછી જારી કરી દેવામાં આવશે.

સ્માર્ટ સીટી પ્રોજેકટની આજે મળેલ બોર્ડ બેઠકમાં સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાને હોદ્દાની રૂએ ડાયરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કંપનીની સુધારેલી સ્ટાફપેટર્નને પણ મંજૂરી આપવામાં ઉપરાંત અન્ય મહત્વના વહીવટીય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

ઘ અને ગ માર્ગ પરના બંને અંડરપાસ ગાંધીનગરની ઓળખમાં એક વધુ પીંછુ ઉમેરાશે. ઈજનેરી કૌશલ્યનો અદભૂત ઉપયોગ આ અંડરપાસ નિર્માણ કરવાની સંકલ્પના છે ત્યારે ગાંધીનગર વધુ સુંદર બનશે.

## શહેરના પાંચ ઉદ્યાનોનું રૂ. ૧૧ કરોડના ખર્ચે નવીનીકરણ થશે

ગાંધીનગર શહેરના સેકટર-૧, ૪, ૮, ૧૯ અને ૨૨ના ઉદ્યાનોનું રૂ. ૧૦.૭૨ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે.

કમિશનર રતનકંવર ગઢવી ચારણના અધ્યક્ષપદે મળેલ સ્માર્ટ સીટી પ્રોજેકટસના બોર્ડ ઓફ ડાયરેકટરની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સે-૨૮ અને સે-૯ના સરિતા ઉદ્યાનના નવીનીકરણ બાદ હવે પાંચ સેકટરોના ઉદ્યાનોના નવીનીકરણનો મહત્વનો નિર્ણય આજે સ્માર્ટસીટી પ્રોજેકટસ અંતર્ગત લેવામાં આવ્યો છે. મનપાએ પણ અગાઉ પાંચ જેટલા બગીચાઓના રિનોવેશનની કામગીરી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ પાંચ ઉદ્યાનોનું ટેન્ડર ૩.૭૧ ટકા જેટલું મૂળ અંદાજ કરતાં નીચું આવતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં ગાંધીનગર બગીચાના શહેર તરીકે ઓળખાતું હતું. કાળક્રમે બગીચાઓ કંગાળ બનતા ગયા અને ઓળખ ભૂસાતી ગઈ. પરંતુ હવે ફરી બગીચાઓને નવપલ્લવિત કરાશે.

## ગાંધીનગરમાં હવે સ્માર્ટ રોડ પણ બનશે

ગાંધીનગર શહેરમાં વધતા જતા ટ્રાફિક ભારણને લઈ રોડ નં. ૬ ગ રોડ તથા રોડનં. ૭ને વાઈડનીંગ કરી સિકસલેન રોડ બનાવી સાયકલટ્રેક તેમજ ફૂટપાથના નિર્માણ સાથે સ્માર્ટ રોડ બનાવવાના ટેન્ડરને પણ આજે સ્માર્ટ સીટી અંગેની બોર્ડ બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. ગાંધીનગરનો આ માર્ગ પ્રથમ સ્માર્ટ રોડ બનશે. આ માર્ગ બનાવવા પાછળ રૂ. ૬૦.૧૨ કરોડનો ખર્ચ થશે. આ રોડ પર ફૂટપાથ તેમજ સાયકલટ્રેક અલગથી બનાવવામાં આવશે. આ સ્માર્ટ રોડ એ સ્માર્ટ સીટીનું આગવું નજરાણું બની રહેશે. ટ્રાફિકનું ભારણ હળવું થાય તે માટે તે સિકસલેન કરવામાં આવશે. આજે મળેલ બોર્ડ બેઠકમાં આ ટેન્ડરને બહાલી આપી દેવાઈ છે. હવે શહેરમાં સ્માર્ટ સીટી પ્રોજેકટસના જે કામો ધીમા પડયા હતા અને અટવાયા હતા તે વેગીલા બનશે.

## મનપાની ટીમે ૨૦ ઓવરમાં ૬૩ રન બનાવ્યા

ગાંધીનગર, તા.૩

મેયર કપ ટુર્નામેન્ટમાં રાજકોટ મનપાની ટીમ સામે ગાંધીનગર મનપાની ટીમે ટોસ જીતી દાવ લીધો છે. કાર્તિક પટેલ અન જીતુ રાયકાની ઓપનીંગ જોડીએ ધીમી ગતિએ રમતનો પ્રારંભ કર્યો છે. ૮ વાગે શરૂ થયેલી આ મેચમાં ૨૦ ઓવરમાં ૬૩ રન બનાવ્યા હતા. જીતુ રાયકા ૧૬ રન બનાવી આઉટ થયા હતા.

## કુખ્યાત ગેંગસ્ટર અતિકને સાબરમતી જેલમાં લવાયો

**અતિકને લોખંડી સુરક્ષા વચ્ચે રાખવામાં આવશે : યુપીના ગેંગસ્ટર અતિકને સુરક્ષાના કારણોસર ગુજરાતની જેલમાં ખસેડવાનો હુકમ : વારાણસીથી ફલાઇટમાં લવાયો**

અમદાવાદ, તા.૩

ઉત્તરપ્રદેશમાં રિયલ એસ્ટેટના વેપારીનું અપહરણ કરી ખંડણી માંગનાર કુખ્યાત ગેંગસ્ટર અતિક અહેમહને આજે વિમાન દ્વારા વારાણસીથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. અતિકને સાબરમતી સેન્ટ્રલ જેલમાં હાઈસિક્યુરીટીમાં ભારે લોખંડી સુરક્ષા વચ્ચે રાખવાની વ્યવસ્થા કરાઈ છે. અતિકને અમદાવાદ લાવવાના પગલે એરપોર્ટ અને જેલની બહાર સુરક્ષા ગોઠવવામાં આવી હતી. આજે સવારે ફ્લાઈટમાં તેને વારાણસીથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ સાંસદ અને ગેંગસ્ટર એવા અતિક અહેમદના સાગરીતોએ મોહિત નામના વેપારીનું અપહરણ કરી લીધું હતું. બાદમાં તેને દેવરિયા જેલમાં લઈ જઈ માર મારવામાં આવ્યો હતો. રિવોલ્વર બતાવી પાંચ કંપનીની માલિકીનો હક પણ બે યુવકના નામે કરાવી લીધો હતો. અપહરણની અને મારામારીની ઘટના અંગે સીબીઆઈને તપાસ સોપાઈ હતી અને સુપ્રીમકોર્ટે આ કેસની ગંભીરતાથી નોંધ લઈ અતિક એહમદને નૈની જેલમાંથી ગુજરાતની જેલમાં ખસેડવા આદેશ કર્યો હતો. અતિક અહેમદનું ઉત્તરપ્રદેશમાં બહુ મોટું નેટવર્ક છે. તેની સામે ૧૦૯ ગુના નોંધાયા છે અને તેની ગેંગમાં ૧૨૧ લોકો કામ કરે છે. ઉત્તરપ્રદેશની કોઈપણ જેલમાં જાય ત્યાં તેનું મોટું નેટવર્ક હોય છે અને તે જેલમાં આરામથી ખંડણી અને અપહરણ જેવા ગુનાને અંજામ આપે છે. અતિક અહેમદને આજે ગુજરાતમાં સાબરમતી જેલમાં લાવતા પહેલા શુક્રવારે અધિક ગૃહ સચિવ એ.એમ. તિવારી, જેલના વડા મોહન ઝા સહિતના અધિકારીઓએ સાબરમતી જેલની મુલાકાત લીધી હતી. કુખ્યાત ગેંગસ્ટર અતિકને જેલમાં રાખવા બાબત અંગેની ચકાસણી કરી હતી. ત્યારબાદ આજે તેને અહીં લાવવામાં આવ્યો હતો અને હાઈસિકયુરીટી વચ્ચે તેને રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ગાંધીનગરના સેકટરોમાં ફુટપાથના કર્બિંગમાં મોટામસ ગાબડા

**વાઇબ્રન્ટ વેળાએ મુખ્યમાર્ગો આસપાસના વોક વે ની સુંદરતા વધારવા કરોડો રૂપિયા ખર્ચાય છે : વોક વે ની જાળવણીના મામલે તંત્ર સેકટરોમાં ડોકિયુ પણ કરતુ નથી**



ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ફુટપાથની જાળવણીનુ કામ માત્ર વાઈબ્રન્ટ સમિટ વેળાએ જ થાય છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસના વોક વે ને રૂપાળા કરવા કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. પરંતુ શહેરના સેકટરોને જોડતા અને રીંગ રોડ આસપાસ પર ફુટપાથમાં મોટામસ ગાબડા પુરવા કોઈ આયોજન થતુ નથી. શહેરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની જાળવણીનો મામલો રામભરોસે છે. જેના લીધે સેકટરોમાં રીંગ રોડ આસપાસની ફુટપાથના કર્બિંગ પણ ઉખડી ગયા છે. સે-૪ માં પ્રવેશવાના એપ્રોચ રસ્તા પર આવા જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા દોઢ દાયકા દરમિયાન મુખ્યમાર્ગો સહીત સેકટરોના રીંગ રોડ આસપાસ તબક્કાવાર ફુટપાથનુ નિર્માણ કરાયુ છે. શહેરમાં વોક વેના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથની જાળવણીનુ કામ હજુ પણ પુર્ણ રીતે થતુ નથી. વાઈબ્રન્ટ સમિટ જેવા અવસરે શહેરના મુખ્યમાર્ગો પર ફુટપાથની સારસંભાળ લેવા તંત્ર ઉત્સાહી બને છે.

● અનુસંધાન પાન-૭ પર

## ફાયર સેફટીના મામલે ૩૦ સ્થાનો પર સર્વે : ૧૦ ટયુશનના વર્ગોના સીલ ખોલ્યા

ગાંધીનગર તા ૩

શહેરમાં ફાયર સેફટીના મામલે હાથ ધરાયેલી મિલ્કતોની ચકાણી અન્વયે આજે પણ વિવિધ ૩૦ ઠેકાણે તપાસ હાથ ધરવામાં આવી હતી. જયારે ક્ષતિગ્રસ્ત બિલ્ડીંગોને અનુલક્ષી નોટીસ આપવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦ ટયુશનના વર્ગોના સીલ પણ ખુલ્લા કરાયા હતા.

ગાંધીનગરમાં ફાયર સેફટીના મામલે હાથ ધરાયેલી ઝુંબેશ અન્વયે તંત્ર દ્વારા આજે કુલ ૩૦ ઠેકાણે તપાસ કરવામાં આવી હતી. જમાં ૨૮ ટયુશનના વર્ગો તેમજ બે હોટલ રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે. આ પૈકી ફાયર એન ઓ સી ઈસ્યુ કરવા હાથ ધરાયેલી આ ચકાસણીના અંતે ક્ષતિગ્રસ્ત બિલ્ડીંગોને નોટીસ આપવામા આવી હતી. જયારે અન્ય ૧૦ ટયુશનના વર્ગોના સીલ પણ ખોલી દેવાયા હતા. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી આ ઝુંબેશ અન્વયે રોજબરોજ તંત્ર દ્વારા ફાયર સેફટીના મુદ્દાને ધ્યાને લઈ તપાસ હાથ ધરવામાં આવે છે. નગરના વિવિધ સરકારી તેમજ ખાનગી બિલ્ડીંગોમાં ફાયર સેફટીની આ ચકાસણી ઝુંબેશ દરમિયાન નોટીસ ઈસ્યુ કરી સીલ મારવા સુધીના પગલા લેવાય છે. આ મામલે ટયુશનના વર્ગો પણ સીલ કરવામાં આવ્યા છે. સલામતીના પરિબળોને ધ્યાને લઈ કામે લાગેલી તંત્રની ટીમે અગાઉ સીલ કર્યા હોય તેવા ટયુશનના વર્ગો જરૂરી નિયમ મુજબની પ્રક્રીયાના અંતે ખોલી નાંખ્યા છે. શહેરમાં અત્યાર સુધી ફાયર સેફટીના નામે મીંડુ ચિતરાયેલુ હતુ સુરતની ઘટના બાદ હાલ ધ્યાને આવતી સ્થિતિ પરથી સ્પષ્ટ થયુ છે કે પાટનગરમાં પણ આ મામલે દિવા તળે અંધારુ છે.


**લેડીઝ પર્સ ખોવાયેલ છે**

આજરોજ સેન્ટ્રલ વીસ્ટાથી પથિકાશ્રમ જવાના રસ્તા ઉપર બપોરે ૩.૦૦ વાગ્યે ખાખી રંગનું (લેડીઝ પર્સ) ખોવાયેલ છે. જેમાં અગત્યના ડોક્યુમેન્ટ્સ હતા. પરત કરનારને યોગ્ય બદલો આપવામાં આવશે.

મો. ૯૯૯૮૮૮૦૪૩૦, ૯૭૧૨૯૪૮૯૯૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE | apollo go the distance | એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા | CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com